ક્રમાંક/મઉમશબ/ઉમાપ/ક/ ૫૨૭
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦-બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર.
તા.૦૩/૦૮/૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી,
ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ
વિજ્ઞાન પ્રવાહ (તમામ),
ગુજરાત રાજ્ય.

વિષય – ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માન્યતા પ્રાપ્ત અંગ્રેજી માધ્યમની વિજ્ઞાન પ્રવાહની શાળાઓમાં ભણતા (ધોરણ-૧૨) વિજ્ઞાન પ્રવાહના સંસ્કૃત (૧૨૯) વિષયમાં ઉપસ્થિત થનાર વિદ્યાર્થીઓએ સંસ્કૃત (૧૨૯) વિષયના પ્રશ્નપત્રના ઉત્તરો અંગ્રેજી માધ્યમમાં આપવા બાબત.

સંદર્ભ – સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૩૦/૦૭/૨૦૧૮ ના રોજ નોંધ ઉપર મળેલ આદેશ અન્વયે.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડને રાજ્યમાં બોર્ડની માન્યતા મેળવવા માટે શાળાઓ તરફથી દરખાસ્ત મળે છે, ત્યારે સંબંધિત શાળાઓ દ્વારા કયા માધ્યમમાં શિક્ષણ આપવામાં આવશે તે અંગેની સ્પષ્ટતા કરેલ હોય છે અને તેના આધારે બોર્ડ દ્વારા અન્ય શરતોને આધિન રહીને શાળાની મંજુરી આપવામાં આવે છે.

ગુજરાતી માધ્યમમાં શિક્ષણ આપતી સંસ્થાઓએ દ્વિતીય ભાષા સિવાયના વિષયો ગુજરાતી માધ્યમમાં ભણાવવાના રહે છે અને તે જ પ્રમાણે અંગ્રેજી માધ્યમની શાળાઓએ જે પ્રવાહના વિષયો ભણાવતા હોય તે વિષયનું શિક્ષણ અંગ્રેજી માધ્યમમાં આપવાનું રહે છે. અંગ્રેજી માધ્યમની શાળાઓ કે જેઓ સંસ્કૃત વિષય ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ભણાવે છે, તેઓને પણ આ બાબત લાગુ પડે છે. પરીક્ષાના માધ્યમ તરીકે પણ શિક્ષણના માધ્યમમાં જે ભાષા ચાલતી હોય તે જ ભાષામાં વિદ્યાર્થી ભણતો હોઈ તે શાળામાં સંસ્કૃત વિષય ભણતા ઉ.મા.પ્ર. પરીક્ષા (ધોરણ-૧૨) વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓએ બોર્ડની જાહેર પરીક્ષામાં સંસ્કૃત (૧૨૯) વિષયના પ્રશ્નપત્રના જવાબો પણ શાળા દ્વારા અપાતા શિક્ષણના માધ્યમમાં જ લખવાના રહેશે, તે અંગે સ્પષ્ટતા કરવામાં આવે છે. આ બાબત અંગ્રેજી માધ્યમની વિજ્ઞાન પ્રવાહની શાળાઓ કે જેઓ સંસ્કૃતના વિષયનું ધોરણ-૧૨ નું શિક્ષણ અંગ્રેજી માધ્યમમાં આપે છે, તેને લાગુ પડે છે અને તે અંગેની જાણ વિદ્યાર્થીઓને કરવાની રહેશે.

વધુમાં જણાવવાનું કે બોર્ડની ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની જાહેર પરીક્ષા દરમ્યાન અંગ્રેજી માધ્યમમાં સંસ્કૃત (૧૨૯) વિષય ભણાવતી શાળાઓ દ્વારા સંસ્કૃત (૧૨૯) વિષયમાં ગુજરાતી માધ્યમમાં જવાબો આપવા દેવાની રજૂઆતો કરવામાં આવે છે. જે વ્યાજબી નથી, તો હવેથી આ અંગે કોઈ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહિ. જેની શાળાના વિદ્યાર્થીઓએ/આચાર્યશ્રીઓએ નોંધ લેવી.

નકલ રવાના જાણ તથા અમલ સારું.

ક્રમાંક/મા.વિ-૩/૨૦૧૮/૪૭૬૨૬
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ : ૦૫-૦૮-૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી ગ્રાન્ટેડ, નોન-ગ્રાન્ટેડ,
મા. અને ઉ.મા. શાળાઓ
તમામ, બનાસકાંઠા.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.